અપીલ અરજી નં.૪૦/૦૮–૦૯ તા. ૧૫–૫–૦૮

અરજદારઃ શ્રી ભૂપેન્દ્ર.ભગવાનદાસ બારડોલીયા
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

## હુકમઃ–

***વિષયઃ***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભૂપેન્દ્ર.ભગવાનદાસ બારડોલીયાની તા.૯–૪–૦૮ ની અરજીથી "ખરવર નગર"વસાહત ખાતે થયેલ સીઓપી સહિતના ગેરકાયદેસર બાંધકામ સંદર્ભેની વિગતો પૂરી પાડવા બાબત.

***સંદર્ભેઃ***–અરજદાર મજકુરની તા.૧૫–૫–૦૮ ની અપીલ અરજી નં.૪૦/૦૮–૦૯

શ્રી ભૂપેન્દ્ર.ભગવાનદાસ બારડોલીયાની તા.૯–૪–૦૮ ની અરજીથી "ખરવર નગર"વસાહત ખાતે થયેલ સીઓપી સહિતના ગેરકાયદેસર બાંધકામ સંદર્ભેની વિગતો પૂરી પાડવા બાબતે કોઈ પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અનુમાનિ ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦ તા.૨૨–૫–૦૮ ના રોજ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તા.૩–૬–૦૮ ના રોજ માહિતી આપવામાં આવેલ છે. જે મુજબ તેઓના પત્ર નં.સા.ઝોન/ટેક./૨૦૩૧ ના તા.૩૧–૫–૦૮ થી અરજદારને માહિતી આપતો પત્ર પાઠવી જણાવવામાં આવેલ છે કે "સદર બાંધકામો વર્ષો જુના હોય રેકર્ડ ઉપલબ્ધ ન હોઈ જવાબદાર અધિકારીની માહિતી ઉપલબ્ધ નથી અને તેથી તે દૂર કરવા અંગે કોઈ ચોકકસ સમયમર્યાદા આપી શકાય તેમ નથી. બિનઅધિકૃત બાંધકામ બાબતે બીપીએમસી એકટ ૧૯૪૯ ની કલમ–૨૬૦ (૧/અ) મુજબ નોટીસ આપવામાં આવેલ છે. સંબધિતોએ રીવાઈઝડ પ્લાનો મધ્યસ્થ શહેર વિકાસમાં રજૂ કરેલ હોય તેની ચકાસણી ચાલુ છે જે પુર્ણ થયે આગળની કાર્યવાહી કરવામાં આવશે.કાર્યવાહી ચાલુ હોય નિર્ણય થયેથી રીપોર્ટ કરવામાં આવશે હાલમાં કોઈ રીપોર્ટ થયેલ નથી."

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૯–૪–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે અરજદારને સા.ઝોન/ટેક./આ.નં. ૨૦૩૧ તા.૩૧–૫–૦૮ના રોજ જવાબ પાઠવવામાં આવેલ છે જે દફતર ઉપલબ્ધ ન હોવાનો અને નોટીસ આપી રીવાઈઝડ પ્લાન ચકાસણી હેઠળ હોવાની પારસ્પરિક વિરોધી માહિતી જણાતી હોઈ ઉપલબ્ધ દફતર અનુસાર હકીકતલક્ષી માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધના ઝોનને જણાવવામાં આવે છે."

જયારે અરજદારની જાહેર માહિતી અધિકારી સામેની શિક્ષાત્મક કાર્યવાહી કરવા અંગેની માંગણીની સત્તા આરટીઆઈ એકટની કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગની હોઈ તે અંગે અત્રેથી કોઈ હુકમ કરવાનો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધનાઝોન..... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભૂપેન્દ્ર.ભગવાનદાસ બારડોલીયા,